વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT
૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ Vol. 13 No. 9

## કેટલાક ભકતો વાસ્તવમાં ભાગીદારો / એજન્ટો હોય છે !




નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyanveshan.com** પર જાઓ.

# પુજા–પ્રાર્થના–બંદગીનું કોઈ ફળ નથી

**–એન. વી. ચાવડા**

ટેલીવીઝન ઉપર પ્રસારીત થતી મોટા ભાગની હીંદી સામાજીક સીરીયલોમાં ધર્મ, ઈશ્વર અને શ્રદ્ધા-ભકતીનાં આકર્ષક બહાનાં નીચે સમાજમાં વહેમો, અંધશ્રદ્ધા, વ્યર્થ અને હાનીકારક ક્રીયાકાંડો અને પારંપરીક રીત-રીવાજોમાં આપણા સમાજને ફસાવવામાં આવી રહયો છે. અલબત્ત એમાં અંશતઃ સુધારાવાદી તત્ત્વ દર્શાવવામાં આવે છે, પરંતુ તેની આડમાં ઈશ્વરને નામે જુઠ અને અજ્ઞાનનું ઝેર સમાજને પાવામાં આવે છે, જે આપણા સમાજમાં દંભ, ભ્રષ્ટાચાર અને અપ્રમાણીકતાને મજબુત પ્રોત્સાહન પુરુ પાડી રહ્યું છે, જેને કારણે જ આજે આપણો દેશ ભ્રષ્ટાચારમાં નંબર વન દેશ બની રહયો છે.

ઈશ્વર-અલ્લાહ-ગોડની પુજા-બંદગી-પ્રાર્થનાથી જીવનની કોઈ સમસ્યા કે દુઃખ-દર્દોનું સમાધાન થતું નથી. આપણા ભુતકાળનો ઈતીહાસ પણ કહે છે કે આપણી હજારો વર્ષની ગુલામી અને વીદેશીઓના શોષણ-અન્યાય-અત્યાચારમાંથી આપણને છોડાવવા માટે કયારેય કોઈ દેવી-દેવતા, ઈશ્વર કે ચમત્કારીક રુષી-મુનીઓ અને પીર-પયગંબરો આવ્યાં નથી આજે પણ આપણા દેશમાં ગરીબો, નીર્બળો, દલીતો, આદીવાસીઓ, અન્ય પછાતવર્ગો અને તમામ સમાજની સ્ત્રીઓને થઈ રહેલા અન્યાયો અત્યાચારોમાંથી તેમને મુકત કરવા તેમને ઈશ્વર કે દેવી-દેવતાઓ કયારેય આવ્યા હોય એવું જોવામાં આવતું નથી. બલકે હજયાત્રા અને તીર્થયાત્રાઓમાં હજારો શ્રદ્ધાળુઓનાં મરણ દર વરસે થતાં જોવામાં આવે છે, છતાંય ટીવી સીરીયલોમાં સાવ નીર્લજ્જપણે, બેધડક રીતે આપણા સમાજને ઈશ્વર-અલ્લાહ-ગોડની પુજા-બંદગી-પ્રાર્થનામાં લગાડાતો બતાવવામાં આવી રહયો છે. જેમાં જરાય વાસ્તવીકતા નથી, એટલું જ નહીં એ ભારતીય સંસ્કૃતી પણ નથી. આપણી સૌથી પ્રાચીન ૫૦૦૦ વર્ષ  પુરાણી મોહનજો-દડો અને હડપ્પાની સીંધુખીણની સંસ્કૃતીમાં  ઈશ્વર, દેવી-દેવતા અને ધર્મસ્થાનો નહોતાં, છતાંય એ સમયના આપણા પુર્વજો વૈજ્ઞાનીક ઢબે સુખશાંતીથી જીવતા હતાં, અને પરદેશ સાથે વેપાર-વાણીજય ધરાવતાં હતાં.  સમાનતાવાદી અને લોકશાહી ઢબે રહેતા હતા. આપણા મહાન પ્રાચીન પુર્વ સુરીઓએ અર્થાત બૃહસ્પતી (પ્રથમ ચાર્વાક), બુદ્ધ, મહાવીર અને કબીર જેવા સંતોએ આપણે અલૌકીક ઈશ્વરનો ત્યાગ કરી પોતે જ પોતાનો પ્રકાશ બનવાનો ઉપદેશ આપ્યો છે. તાત્પર્ય એ છે કે પ્રાચીન પરંપરાને બહાને પણ સમાજમાં આ રીતે અજ્ઞાનનો ફેલાવો કરવો જોઈએ નહીં.

સત્યાન્વેષણ

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**સંપાદક મંડળ**

**બી. એ. પરીખ** **સીદ્ધાર્થ દેગામી** **સુનીલ શાહ**

**પ્રેમ સુમેસરા** **મનસુખ નારીઆ**

**૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯** | **સળંગ અંક : ૩૩૪** | **Vol. 13 No. 9**


('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## કેટલાક ભકતો વાસ્તવમાં ભાગીદારો / એજન્ટો હોય છે !

**–સુર્યકાન્ત શાહ**

સત્યશોધક સભાએ મેં લખેલ 'આપણો માંદો સમાજ' પુસ્તીકાનું પ્રકાશન કર્યું છે. આ પુસ્તીકા વાસ્તવમાં આપણા જવાંમર્દ ભાંડાફોડુ માધુભાઈ કાકડીયાની સાહસ-કથા છે. સુરતના પરવટ-પાટીયા વીસ્તારમાં લોકોને ધુતતા તાંત્રીકનો ભાંડો ફોડવા માટે તેઓશ્રી સત્યશોધક સભાના અન્ય કાર્યકરો સાથે અગ્રેસર થયા હતા. એ તાંત્રીક પાસેથી મળી આવેલા ચોપડાને આધારે તાંત્રીકો ભકતોનું કેવું તન-મન-ધનથી શોષણ કરે છે તેની વીગતો આ પુસ્તકમાં દર્શાવવામાં આવી છે. એ પુસ્તીકાને અંતે માધુભાઈ સાથેની મુલાકાતમાં એમણે જણાવ્યું હતું કે આ તાંત્રીકનો પર્દાફાશ થયા બાદ એક બલીષ્ઠ પુરુષ એમને મળવા આવેલો. એ પર્દાફાશ પ્રસંગે ભગત તરીકે ત્યાં ઉભો હતો. એ પુરુષે માધુભાઈને ચોપડા પરત આપવા માટે ધમકીની ભાષામાં વાતો કરેલી. એમની સાથેની વાતો પરથી માધુભાઈને એવું સમજાવેલું


ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

કે એ તાંત્રીક એની અનેક ભકતાણીઓને એકી સાથે ‘સંતોષી’ શકતો નહોતો. તેથી એણે આવા એના બે-ત્રણ ‘તન ભાગીદાર’ રાખેલા, અથવા માધુભાઈની ભાષામાં ‘પુરુષ-વેશ્યા’ રાખેલ એ પર્દાફાશ પ્રસંગે પણ એ બાબત ધ્યાનમાં આવી હતી કે આવા તાંત્રીકોના દેખાતા કેટલાક ભગતો આ ધુતારાઓના કયાં તો તન-મન-ધનના ભાગીદારો હોય છે, અથવા એજન્ટો હોય છે.

ઢબુડી માતા અંગે પણ સત્યશોધક સભાના દેગામી, માધુભાઈ જનકભાઈ, પ્રેમ સુમેસરા અને અન્યોને આવા જ અનુભવ થયા. સમગ્ર ગુજરાતમાં ઢબુડી માતા એમના કુરાજયને જયારે વધુને વધુ વીસ્તારતો હતો ત્યારે સૌથી પહેલા તા. ૧૮-૮-૧૯ના રોજ એની સુરતમાંની ‘રવીવારીય ગાદી પહેલા પ્રસંગે પડકારવામાં આવ્યો. તે પડકાર ઝીલી શકયો નહીં. એ છુપાતો રહયો, જેનો ઉલ્લેખ આ જ અંકમાં એને સ્પીડપોસ્ટથી મોકલવામાં આવેલા પત્રમાં છે. સુરતમાં એ સત્યશોધક સભાના કાર્યકરોથી છુપાતો જ રહયો. ત્યારબાદ સભાના કાર્યકરો પર આવેલા અસંખ્ય ફોન, વોટ્સએપ પરના લખાણો અને ગોળીની જેમ છુટેલા મેસેજીસનો જો અભ્યાસ કરવામાં આવે તો ફરી એકવાર તારણ પ્રાપ્ત થાય છે કે આવા ‘માતા-બાપુ’ઓના કેટલાક ભકતો-ભકતાણીઓ વાસ્તવમાં એમની ભકતી કરતા નથી, પરંતુ એમના ધંધાના ભાગીદારો-એજન્ટો હોય છે. ભકતાણીઓ સહીતના ભકતોએ વાપરેલી ભાષા, આપેલી ધમકીઓ, સત્યશોધક સભાને સમાજવીરોધી સભા તરીકે ચીતરવાનો પ્રયાસ આ બધું જ સુચવે છે કે પરવટ પાટીયાના પેલા તાંત્રીકના ‘પુરુષ-વેશ્યા’ જેવા જ તેઓ ઢબુડી માતાના ધંધામાં સ્થાપીત હીત ધરાવે છે. યેન કેન પ્રકારેન તેઓ ઢબુડી માતાનો ધંધો ચાલુ કરે તે જોવા માંગે છે. કોઈ પણ પ્રકારની સામાજીક જવાબદારી અને કરવેરાના ભારણ વીનાની એમને થતી કમાણી તેઓ જતી કરી શકે નહીં તે સમજી શકાય એવું છે. આ લોકો એટલું જાણતા નથી કે તેઓ એક પરપોટા પર ઉભા રહીને એમનું સામ્રાજય વીસ્તારવા માંગે છે. સત્યશોધક સભાના પડકાર પછી ગુજરાતમાં એને ઉઘાડો પાડવાના કાર્યક્રમો થયા. એનું સામ્રાજય કકડભુસ થઈ ગયું. ફરી એકવાર રેશનાલીસ્ટોને પાઠ મળે છે કે આવા લેભાગુઓને પડકારતા રહીને લોક-શીક્ષણ મોટે પાયે કરતા રહેવું જોઈએ.

# ભ્રમનો અસ્વીકાર જ ખરી જાગૃતી છે

-તંત્રીલેખ

છાશવારે, સમયાંતરે કહેવાતી માતાના અવતારો ફુટી નીકળે છે. એક વ્યકતીના શરીરમાં માતા પ્રવેશે, એ ધુણે અને એના દરબારમાં દુખી લોકો પોતાની સમસ્યાઓ લઈને જાય. પેલી વ્યકતી એનો ઉકેલ લાવે...! એના પ્રચારમાં બહું મોટું તંત્ર કામે લાગેલું હોય, અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને યુ ટયુબ, વોટસએપ, ફેસબુક, ચેનલોનાં માધ્યમથી જાત જાતના કીસ્સા વર્ણવી એમાં એ માતાજીના પરચાઓનો પ્રચાર થાય. કોઈનું હૃદય બંધ થયું. કોઈને કેન્સર થયું, કોઈને કોઈ બીજો રોગ થયો હોય, કોઈની કૌટુંબીક સમસ્યા હોય અને પેલી વ્યકતી કે જેને પોતાને માતા આવે છે એવો દાવો કરે છે તેના સ્પર્શથી બધું સારું થઈ જાય. માતાનો દરબાર જુદાં જુદાં ગામ, શહેરમાં ભરાય, એજન્ટો પ્રચાર-પ્રસાર કરે. હજારો લોકો આવે. બસ...અંધશ્રદ્ધાનો વેપાર ફુલતો ફાલતો રહે.

સમસ્યાઓનાં સાચા કારણો શોધવાને બદલે આપણો માંદો સમાજ મગજ બંધ કરીને સામે ચાલીને મુર્ખ બને છે, છેતરાય છે, શોષણનો ભોગ બને છે, લોકોની ધાર્મીક લાગણીનો લાભ ઉઠાવનારા આવા લોકોની દુકાનો ધમધોકાર ચાલે છે. સતત સમૃદ્ધ થતી રહે છે. લાંબા ગાળે કૌભાંડો બહાર આવે છે ત્યારે છેતરાયેલા મોટાભાગના મૌન થઈ જાય છે.

માની લઈએ કોઈ વ્યકતીના શરીરમાં કોઈ માતા પ્રવેશે છે અને એ હૃદયરોગ કે કેન્સર જેવા રોગો મટાડે છે તો એવી વ્યકતીએ આવા રોગોની હોસ્પીટલમાં જઈ દર્દીઓને સાજા કરવાનો ચમત્કાર કરે તો બહુ મોટી માનવસેવા ગણાશે...! ક્રમશઃ હોસ્પીટલોની જ જરુર નહીં રહે. સામાજીક કે પારીવારીક સમસ્યાઓ હલ કરી નાંખે તો વકીલો અને કોર્ટની જરુર નહીં રહે...!!

તાંત્રીકો, બાવાઓ, કહેવાતી માતાઓના ચક્કરમાં પડીને પોતાનું માનસીક દેવાળીયાપણું સાબીત કરનારા લોકોની આ દેશમાં કમી નથી. એ જ લોકો કર્ણોપકર્ણ પ્રચાર કરીને અંધભકતોની સંખ્યા વધારતા જાય છે, અને છેતરપીંડી અને શોષણનો વેપાર બેરોકટોક ચાલે છે. જયાં સુધી પ્રજાને સત્ય નહીં સમજાય, વૈજ્ઞાનીક રીતે વીચારવાનું શરુ નહીં કરે ત્યાં સુધી સમાજ વહેમ-અંધશ્રદ્ધાની ગર્તામાં ધકેલાતો જશે. જયાં રાજકીય નેતાઓ બાબાઓના પગમાં પડતા હોય ત્યાં સરકાર પાસે કશી અપેક્ષા રહી નથી. સતત ભ્રમમાં જીવતી પ્રજા ખબર નહીં, કયારે ખરા અર્થમાં જાગૃત થશે...!

# સત્યશોધક સભાના સત્યાન્વેષણ માટેના પ્રયત્નો

## 'આપણે પરસ્પર વીરોધી વીચારોથી મુકત થઈએ.'

'આપણે એક બાજુ ચંદ્રયાનના અભીયાનથી ભાવવીભોર થઈ જઈએ છીએ, અને બીજી બાજુ શીતળા સાતમનું વ્રત પુરી શ્રદ્ધાથી કરીએ છીએ. આપણા જીવનમાં આપણે પરસ્પરથી તદ્‌ન વીપરીત વીચારોને માન આપીએ છીએ. આ વૈચીત્ર્યમાંથી આપણે મુકત થવું જોઈએ.' સત્યશોધક સભા આયોજીત 'ઋણ સ્વીકાર અને પારીતોષીક વીતરણ' કાર્યક્રમના પ્રમુખસ્થાનેથી બોલતા હમણાં જ ૫૯ વર્ષની ઉંમરે એમ. એ. થયેલા કાનજીભાઈ ભાલાળાએ વધુમાં જણાવ્યું કે, 'જેઓ રેશનાલીઝમમાં માને છે એમણે પોતાના વ્યવહારોના દાખલાથી સમાજને રેશનાલીઝમ તરફ વળવાનું પ્રોત્સાહન આપવું જોઈએ.' સુરતની વનીતાવીશ્રામ માધ્યમીક શાળામાં યોજાયેલ આ સમારંભમાં શાળાના આચાર્યા અનીષા મહીડાએ સૌને આવકાર્યા હતા. તા. ૧-૪-૧૮ પુર્વે પણ સત્યશોધક સભાને દાન મળ્યા હતા, પરંતુ દાતાઓનો જેટલો ઋણ સ્વીકાર થઈ શકે તેટલો કરવાના હેતુથી તા. ૧-૪-૧૮ થી ૩૧-૭-૧૯ સુધી જે દાતાઓએ દાન આપ્યું હોય તેમના પરત્વે ઋણ સ્વીકાર કરવા માટે યોજાયેલ આ સભામાં દાતાઓને ઋણ સ્વીકાર પત્ર આપી સત્યશોધક સભાએ એમનો આભાર માન્યો હતો. દાતાઓ વતી બોલતા ડો. મનસુખભાઈ પટેલે જણાવ્યું હતું કે સત્યશોધક સભા રેશનાલીઝમ જેવા ઉમદા વીચારને કારણે તેઓ સંસ્થાને સહાયરુપ બન્યા છે, અને બનતા રહીશું.

સત્યશોધક સભાએ 'પ્રમોદરાય પાઠકનું નીબંધ સ્પર્ધા'નું આયોજન કર્યું હતું. શહેરમાંથી ૩૧૦ જેટલા વીદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. એ સ્પર્ધાના વીજેતા ભાઈ-બહેનોને પુરસ્કાર આપવાનું કાર્ય પણ આ કાર્યક્રમમાં થયું હતું. નીબંધ તપાસીને વીજેતાઓને પસંદ કરનાર ડો. બી. એ. પરીખે નીબંધોનું વીશ્લેષણ કરતાં જણાવ્યું કે એમને એ જોઈને આનંદ થયો કે મોટા ભાગના વીદ્યાર્થીઓએ પોતાના નીબંધનો તાર્કીક અંત આવે તે રીતે પુરેપુરો લખ્યો હતો.વીદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો તેનો એમણે હર્ષ વ્યકત કર્યો હતો. ત્યારબાદ વીજેતાઓને પારીતોષીક આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રમોદરાય પાઠકજીના પૌત્ર સુગીત પાઠકજીના હસ્તે પણ પારીતોષીકો આપવામાં આવ્યા હતા. શેઠ શ્રી પી. એચ. બચકાનીવાલા વીદ્યામંદીરના ચેવલી મોનીષ રાકેશકુમાર સ્પર્ધામાં પ્રથમ આવ્યા હતા. એમણે સ્પર્ધકો વતી પ્રતીભાવ આપતા જણાવ્યું કે, 'રેશનાલીઝમ આપણા જીવનનો

ભાગ બનવો જેઈએ. આપણા વર્તુળમાં એનો જેટલો વધારે ફેલાવો થાય તે કરવો જોઈએ.' શ્રોતાઓએ એમના વકતવ્યને તાળીઓથી વધાવી લીધું હતું.

આભાર વીધી કરતા સત્યશોધક સભાના ઉપપ્રમુખ સુર્યકાન્ત શાહે જણાવ્યું હતું કે ઉમદા વીચારોના પ્રચાર-પ્રસાર માટે વ્યકતીઓ અને સંસ્થાઓની જરુર તો છે જ. ઉપરાંત નાણાંની પણ જરુર રહે છે. ઉમદા વીચારકોને લોકો સાંભળે તે માટે મૂક એવા દાતાઓ કરોડરજ્જુની સેવા અર્પે છે. નીબંધ સ્પર્ધામાં ઉલ્લાસભેર ભાગ લેવા બદલ સ્પર્ધકોનો, એમને ઉત્સાહથી મોકલનાર શાળાના આચાર્યો-શીક્ષકોનો અને તે માટે દાન આપનાર પાઠકજી કુટુંબનો આભાર માનવામાં આવ્યો હતો. દાતાઓના દાન તેમ જ તેઓ પૈકી હાજર રહી ઋણસ્વીકારપત્રનો સ્વીકાર કરનાર દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો. વનીતા વીશ્રામ શાળાના સંચાલકો, આચાર્યા-શીક્ષકો-કર્મચારીઓ અને હાજર રહેલ વીદ્યાર્થીઓ અને આમંત્રીતોનો આભાર માનવામાં આવ્યો હતો. જે ચાર શાળાઓએ નીબંધ સ્પર્ધાના કેન્દ્રો તરીકે સેવા આપી તેનો આભાર માનવામાં આવ્યો હતો. કાર્યક્રમનું પ્રમુખપદ સંભાળી મનનીય પ્રવચન આપવા બદલ કાનજીભાઈ ભાલાળાનો આભાર માનવામાં આવ્યો હતો.

---

### સત્યશોધક સભા આયોજીત

## પ્રમોદરાય પાઠકજી નીબંધ સ્પર્ધા

### ૩૧૦ સ્પર્ધકોમાંથી

## અભીનંદનને પાત્ર વીજેતાઓ

પહેલા વીજેતા : ચેવલી મોનીષ રાકેશકુમાર
-શેઠ શ્રી પી. એચ. બચકાનીવાલા વીદ્યામંદીર

બીજા વીજેતા : વણકર હીતેશ રામજીભાઈ (પ્રજ્ઞાચક્ષુ)
-પ્રજ્ઞાચક્ષુ ઉચ્ચતર માધ્યમીક શાળા

ત્રીજા વીજેતા : સૈયદ સના શકીલહુસેન
-એમ. એ. આઈ. હાઈસ્કુલ

**આશ્વાસન**

૧. ભાજીખાઉ પ્રેમલ નૈલેશકુમાર — શેઠ શ્રી શ્રી પી. એચ. બચકાનીવાલા વીદ્યામંદીર
૨. પટેલ દીવા જીતેન્દ્રકુમાર — શેઠ શ્રી શ્રી પી. એચ. બચકાનીવાલા વીદ્યામંદીર

૩. પટેલ તેજલ અલ્પેશભાઈ — કે. એસ. કે. પી. / ઉત્તર ગુજરાત
૪. ગાંધી ચાંદની નીલેશકુમાર — શ્રીમતી એલ. એન. બી. દાળીયા હાઈસ્કુલ
૫. મોદી માનસી રાજેન્દ્રકુમાર — સંસ્કાર ભારતી વીદ્યાલય
૬. ઘાડીયા જેનીષ રાજેશભાઈ — આઈ. પી. સવાણી હાઈસ્કુલ
૭. શ્યારા હીતાક્ષી ભરતભાઈ — સર વી. ડી. ટી. ગર્લ્સ હાઈસ્કુલ
૮. ગામીત અશ્વીની મુકેશભાઈ — નવનીર્માણ વીદ્યાલય

**નીર્ણાયક : ડો. બી. એ. પરીખ**

**નોંધ :** પહેલા ત્રણ વીજેતા વીદ્યાર્થીઓના નીબંધ હવે પછી પ્રસીદ્ધ કરવામાં આવશે

---

## નીબંધ સ્પર્ધામાં ભાગ લીધેલી શાળાઓ

૧. શ્રીમતી એલ. એન. બી. દાળીયા હાઈસ્કુલ
૨. લીટલ સ્ટાર હાઈસ્કુલ
૩. સંસ્કાર ભારતી વીદ્યાલય
૪. વનીતા વીશ્રામ (વી. ડી. ટી. ગર્લ્સ હાઈસ્કુલ)
૫. ગુરુકૃપા વીદ્યાલય
૬. પ્રેસીડન્સી સ્કુલ
૭. M. A. I. High School (ઓલપાડ)
૮. મદરેસા તૈયબીયાહ ગર્લ્સ હાઈસ્કુલ
૯. એસ. પી. ઝવેરી ગર્લ્સ સ્કુલ
૧૦. પ્રગતી વીદ્યાલય
૧૧. ગજેરા માધ્યમીક શાળા
૧૨. ગજેરા વીદ્યાભવન
૧૩. ચકકીવાલા ગર્લ્સ સ્કુલ
૧૪. રત્નસાગરજી જૈન વીદ્યાલય
૧૫. એસ. પી. બી. હાઈસ્કુલ
૧૬. મૌની ઈન્ટરનેશનલ હાઈસ્કુલ
૧૭. મારૂતી વીદ્યાસંકુલ

૧૮. કસ્તુરબા વીદ્યાલય

૧૯. નવનીર્માણ વીદ્યાલય

૨૦. એસ. ડી. જૈન ઈન્ટરનેશનલ સ્કુલ

૨૧. મંગલમ્ વીદ્યાલય

૨૨. જે. બી. અન્ડ કાર્ય કન્યા વીદ્યાલય

૨૩. પ્રાણલાલ બચકાનીવાલા વીદ્યામંદીર

૨૪. આશાદીપ વીદ્યાલય

૨૫. ઓપેરા ઈન્ટરનેશનલ સ્કુલ

૨૬. જોસસ ઇંગ્લીશ સ્કુલ

૨૭. શીશુકુંજ હાઈસ્કુલ

૨૮. સુમન હાઈસ્કુલ

૨૯. દેવાંગી કન્યા વીદ્યાલય

૩૦. પ્રજ્ઞાચક્ષુ ઉચ્ચતર માધ્યમીક શાળા

૩૧. કે. એસ. પી. ઉત્તર ગુજરાત

૩૨. પી. પી. સવાણી

૩૩. નવસર્જન વીદ્યાલય

૩૪. આઈ. પી. સવાણી

૩૫. સાધના વીદ્યાલય

૩૬. નુતન વીદ્યાલય

૩૭. આર. જી. મહેશ્વરી ઇંગ્લીશ સ્કુલ

૩૮. વીશ્વભારતી કન્યા ઈન્ટરનેશનલ સ્કુલ

૩૯. સર વી. ડી. ટી. ગર્લ્સ ઇંગ્લીશ સ્કુલ

---

ચંદ્રયાન બનાવવાની શી જરુર હતી ? જુના ખટારાને મંત્ર ભણીને મોકલી દેવાય....! ઠેકેદારો પાસે મંત્રો ને શ્લોક તો અખુટ છે....ઘાસના તણખલામાંથી બ્રહ્માસ્ત્ર બને તો ચંદ્રયાન બને જ....સાવ સહેલું.......! !

**-જનક બાબરીયા**

## સત્યશોધક સભા,
# ઢબુડી માતાને લખેલ પત્ર

**શ્રી ધનજીભાઈ ઓડ – ઢબુડી માતા** **તા. : ૨–૯–૧૯**

**અમદાવાદ**

સુજ્ઞ શ્રી,

કુશળ હશો,

તમે સત્યશોધક સભાથી પરીચીત હશો જ. એ સમગ્ર ગુજરાતમાં છેલ્લા ચાલીસ વર્ષથી અંધશ્રદ્ધા, વહેમ અને અવૈજ્ઞાનીકતા વીરુદ્ધ પ્રવૃત્તીઓ અને પ્રકાશનો કરે છે. સમાજ બને એટલો જલદી અને વધારે રેશનલ થાય તે માટે એ પ્રયત્નો કરે છે.

તા. ૧૮-૮-૧૯ને રવીવારે તમે સુરત આવવાના હતા. તમે કેટલાક અવૈજ્ઞાનીક દાવાઓ કરી તમારા પર ભરોસો મૂકતા તમારા જ ભકતજનોને શારીરીક, માનસીક અને આર્થીક નુકસાન પહોંચાડી રહ્યા છો એવું અમારી પ્રાથમીક તપાસમાં અમને માલુમ પડયું હતું. અમારી આ તપાસનાં તારણ સાચાં પણ હોઈ શકે કે ખોટાં પણ હોઈ શકે. તેથી તમને રુબરુ મળીને અમે આ તારણોની સચ્ચાઈ જાણવા માંગતા હતા. આથી અમે તમારા સુરતસ્થીત સંચાલકોનો સંપર્ક કર્યો. ઉપર દર્શાવેલ હેતુ માટે અમે તમને મળવા માંગતા હોવાનું અમે એમને જણાવ્યું. એમણે અમારી વીનંતી સ્વીકારી, અને તમે સુરત આવો ત્યારે અમને મેળવી આપવાનો સધીયારો આપ્યો. આથી અમે આ હકીકત સોસીયલ મિડીયામાં જાહેર કરી, પણ તમે સુરત આવ્યા જ નહીં ! અમારી આ જાહેરાત બાદ તમારા કેટલાક અગ્રીમ હરોળના ભકતોએ એવું જાહેર કર્યું કે તમે આવ્યા હતા. જો એ સાચું હોય તો અમારે ખેદ સાથે જણાવવું પડે છે કે તમે આવી ગયા છતાં અમને મળવાનું ટાળતા હતા. આમ પણ તમે ઘુંઘટમાં તમારો ચહેરો તો છુપાવો જ છો, હવે આગળ વધીને તમારા દાવાઓની પોકળતા પણ છુપાવતા હો એવું લાગે છે. અલબત્ત, જયાં સુધી પુરવાર નહીં થાય ત્યાં સુધી અમે ખાતરીપુર્વક કહી શકતા નથી કે તમારા અવૈજ્ઞાનીક દાવા પોકળ છે.

આ માટે તો આપણે સુરતમાં એક એવા સ્થળે મળવું જોઈએ કે જયાં તમારા ભકતો કાયદો અને સલામતીના પ્રશ્નો પેદા નહીં કરે, પત્રકારો અને તટસ્થ નાગરીકોની હાજરી હોય, કોઈપણ પ્રકારની ચતુરાઈ વીના માત્ર વૈજ્ઞાનીક પ્રયોગ થાય તે રીતે તમારા દાવા ચકાસવામાં આવે. આ માટે પોલીસનો પુરો બંદોબસ્ત રાખવાનો થાય. આથી આ પત્ર દ્વારા તમને વીનંતી કરવાની કે તમારા આ દાવાઓની ચકાસણી માટે તમને અનુકુળ તારીખ અને

સમય અમને તા. ૨૫-૯-૧૯ પહેલા જણાવશોજી. તમે જાણતા તો હશો જ કે તમારા અવૈજ્ઞાનીક દાવા જો સાચા પુરવાર થાય તો સત્યશોધક સભા રૂા. એક લાખથી પણ વધારે રકમની ભેટ આપે છે. જો તા. ૨૫-૯-૧૯ પહેલા તમે તમારી અનુકુળ તારીખ સમય અમને જણાવશો નહીં તો અમને માનવાની ફરજ પડશે કે તમારા દાવા પોકળ છે, ભોળા ભકતજનોને ભરમાવી તમે તમારા નીજી સ્વાર્થ અને નીમ્નકક્ષાની આનંદપ્રાપ્તી સીદ્ધ કરો છો. ઉપરાંત તમે અમને ફરજ પણ પાડશો કે અમારે તમારા દાવાઓની આ પોકળતા જાહેર જનતાને જણાવવી પડશે, જેથી ભોળી જનતા તમારા ષડયંત્રમાં ફસાય નહીં. **-સીદ્ધાર્થ દેગામી**

(પ્રમુખ)

---

## સુર્યકાન્ત પરીખની દુ:ખદ વીદાય

વાચકોને યાદ હશે કે સુર્યકાન્ત પરીખે એમના વીચારોને 'સત્યાન્વેષણ'માં પ્રસંગોપાત પ્રગટાવીને 'સત્યાન્વેષણ' ને સમૃદ્ધ કરવામાં ફાળો આપ્યો હતો. એમણે સત્યશોધક સભાને સહાય પણ કરી હતી. વાચકોને યાદ હશે કે એમના ગાંધીજી સાથેના પત્રવ્યવહારને અને ગાંધીજીના હસ્તાક્ષરવાળો પત્ર એમણે 'સત્યાન્વેષણ'માં પ્રસીદ્ધ કરવા મોકલ્યો હતો. તેઓશ્રી સ્વચ્છતાના આંદોલનના ભાગસ્વરુપ છેલ્લા દશ વર્ષથી પણ વધારે સમયથી જુદા જુદા વીસ્તારોમાં કે જયાં સંડાસ નથી ત્યાં પોતાની સંસ્થા દ્વારા તૈયાર કરાવતા હતા. ઓછામાં ઓછા એવા ૫૦૦ સંડાસ એમણે તૈયાર કરાવ્યા હશે. તેઓશ્રી રેશનલ વીચારધારાની યાત્રામાં પણ યત્કીંચીત જોડાયા હતા. એઓશ્રીએ આપણા વચ્ચેથી તા. ૫-૪-૨૦૧૯ના રોજ દુ:ખદ વીદાય લીધી છે, અને એમની યાદ છોડી ગયા છે !

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોં કી ભીતરમેં રૂા. ૩૦ (ગુજરાતીમાં પણ) | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |


(૯)

# કીમના ‘સત્યાન્વેષણ’ વાચક ચર્ચા સંમેલનમાં પ્રવર્તમાન પરીસ્થીમાં સત્યાન્વેષણની ભુમીકા

**–ડો. સુષ્મા ઐય્યર**

ભુમીકા

આ વીષયને હું ત્રણ ભાગમાં વહેંચવા માંગું છું.

**પ્રથમ ભાગ :**

આજના સમયમાં કોઈ પણ પુસ્તક-પુસ્તીકાની જરુરીયાત શા માટે છે ? અને કોઈ પુસ્તક શા માટે કઈ રીતે પસંદ કરી, કોઈ વ્યકતી વાંચે ? વાંચનની આવશ્યકતા, કીંમત તથા તેની જીવન પર અસર શી છે  તે પણ સમજવું જરુરી છે. જો આ મુદ્દાઓ આપણે બરાબર સમજી લઈએ તો કોઈ પણ વાંચન અને ‘સત્યાન્વેષણ’ એની ભુમીકા તેને અનુરુપ ભજવી શકે છે કે કેમ તે પણ આપણે સમજી શકીએ.

(૧) પુસ્તકની અને વાંચનની આપણા જીવનમાં ઘણી જ અગત્યતા છે.

(૨) પુસ્તક સારા મીત્રની ગરજ સારે છે.

(૩) દુનીયા વીશે માહીતી આપે છે.

(૪) અનંત જ્ઞાનનો સ્ત્રોત હોય છે.

(૫) એકલતા, અજ્ઞાનતા, ગેરસમજ, વીવેક-બુદ્ધી, યોગ્ય વીચારશ્રેણી, કાર્યકુશળતા, જીવન જીવવાની કળા, હુન્નર, મનોરંજન, પુરાં પાડે છે.

(૬) માત્ર સારાં-નરસાં પુસ્તક વચ્ચેનો ભેદ જાણવો જરુરી છે. જે વાંચન માણસને ઝનુની, કટ્ટરવાદી, સંકુચીતતા, અધોગતી, અન્યાય, ભેદભાવ, અનીતી, ધાર્મીક, આર્થીક, સામાજીક સમાનતા પ્રેરીત કરતાં હોય તે વાંચન માણસ પર વીપરીત અસર કરે છે.

જે વાંચનથી માણસની વીચારશકતી, કલા, વૈજ્ઞાનીક અભીગમ, સમાનતા, ભાઈચારો, હુન્નર, કાર્યક્ષમતા, પ્રગતીશીલ માનસીકતા, સ્ત્રી-સમાનતા, આદર શીક્ષણ, વીવેકબુદ્ધી, જ્ઞાનવર્ધક હોય તે વાંચન યોગ્ય ગણાય. તેનાથી મનુષ્યનું જીવન સ્તર ઉંચું આવે છે. આ દ્રષ્ટીએ ‘સત્યાન્વેષણ’ એક ઉચીત વાંચન છે. આજના સંદર્ભમાં વધુ પ્રેરણાદાયક બની શકે છે. એ માટે બધા માપદંડ પર તેણે ખરા સાબીત થવું પડશે, અને ઉત્તરોત્તર સુધારો,

વીષયવસ્તુ, પ્રસ્તુતી માહીતીમાં લાવવી પડશે. વીવીધ લેખકો, વૈજ્ઞાનીકો અને સત્યશોધક સભાના સભ્યોના કાર્યને સ્થાન આપવું પડશે.

**બીજો ભાગ : પ્રવર્તમાન પરીસ્થીતી :**

હાલ ભારતમાં જ નહીં, સમગ્ર વીશ્વમાં ઉપભોગવાદ, મુડીવાદ, રાષ્ટ્રવાદ, ધાર્મીક ઝનુન, હીંસાનો, વ્યકતીવાદનો દોર, સમય ચાલી રહયો છે.

ખાસ કરીને ભારતમાં પરીસ્થીતી વધુ કથળી છે. ઝનુની ધાર્મીક માન્યતાઓ, અંધશ્રદ્ધા, નાત-જાતના ભેદભાવ, ઉંચનીચના ભાવો, જુની પરંપરાગત રીતભાતો, વીધીઓ, કર્મકાંડો ધાર્મીક ઉત્સવોનો અતીરેક વગેરેને સરકાર દ્વારા પણ પ્રોત્સાહન આપવામાં આવે છે, જે આપણા દેશની સંવીધાનની વીરુદ્ધમાં છે. અરે, ટી.વી.માં પણ આવતી અનેક સીરીયલ પૌરાણીક ધાર્મીક દંતકથાઓ, પ્રાર્થનાઓ, ઉપવાસ, માનતા, આખડી, બાધાઓથી ભરપુર છે. વળી 'આસ્થા' ચેનલ જેવી અનેક ચેનલમાં દરેક ભાષામાં સાધુ, સંતો, બાવાઓ, અવૈજ્ઞાનીક વાતો, અલૌકીક વાતો, અલૌકીક શકતીઓનો મહીમા વર્ણવ્યા કરે છે. લોકો ભ્રમીત થાય છે. મોટી ઉંમરના વૃદ્ધો સ્વર્ગની લાલસામાં ભવના ફેરાઓથી મુકતી માટે પુનઃજન્મના સુખ માટે ભરમાઈ જાય છે. ધાર્મીક પુસ્તકોનો વધુ આશરો લે છે. ગીતા, રામાયણ, કુરાન બાઈબલનું નીયમીત વાંચન કરે છે. તેમાં પ્રાચીન કાળની ઘટનાઓને આજે યાદ કરીને તેમાં વર્ણવેલા મહાનાયકો-નાયીકાઓ-દેવી-દેવતાઓ અવતારોના કારનામાની સ્તુતી કરવામાં સમય પસાર કરી આત્મસંતોષ મેળવે છે.

નાનાં બાળકોને મા-બાપો સંસ્કાર આપવાના નામે ગળથુથીથી જ પોતપોતાના સંપ્રદાય, ધર્મનાં પુસ્તકો, દેવી-દેવતાને ભગવાનની બાળકથાઓ વાચવા પ્રેરે છે. અરે હવે તો છોટા ભીમ, બાલહનુમાન, બાલકૃષ્ણ, બાલઈસુ વગેરે વીશે કાર્ટુન ઉપરાંત પુસ્તકો પણ છપાય છે.

આથી બાલમાનસને વૈજ્ઞાનીક રીતે વીચારવામાં મોટો અવરોધ ઉભો થાય છે. જયારે 'વીજ્ઞાન'ની બાલપુસ્તીકાઓ ઘણી ઓછી છપાય છે, અને તેનો પ્રસાર ઓછો છે, બાળકો મા-બાપે પીરસેલ અવીવેકી, અવૈજ્ઞાનીક માહીતીઓ પ્રશ્ન પુછયા વીના સ્વીકારી લે છે. જે આપણે સૌએ પોત-પોતાના ઘરથી જાણ્યું જ હશે.

યુવક-યુવતીઓ પણ આથી બાળપણની અસર નીચે જ મોટા થાય છે. વીજ્ઞાન, તબીબીશાસ્ત્ર, એન્જીનીયરીંગ, કોમ્પ્યુટર વગેરે ભણ્યા પછી પણ તેઓ વીવેકબુદ્ધીનો ઉપયોગ

કરતા નથી. અવૈજ્ઞાનીક જીવનશૈલી જીવે છે. જીવનના દરેક તબકકે દરેક ઘડીનો ભરપુર દુરુપયોગ કરી અંધશ્રદ્ધા, ખોટી માન્યતાઓ, ધાર્મીક રીતરીવાજો, ઉત્સવો, પ્રસંગોમાં વગર વીચાર્યે રાચ્યા કરે છે.

મને પોતાને યુવાનો તથા ખાસ કરીને મહીલાઓ તરફથી (કારણ કે હું સ્ત્રીરોગ નીષ્ણાત છું) ખાસ સારા અનુભવો નથી થયા.

મારા દવાખાનામાં દાખલ દર્દીઓને ઘણીવાર 'સત્યાન્વેષણ', રમણપાઠક, ડો. બી. એ. પરીખ, બાબુભાઈ દેસાઈનાં પુસ્તકો વાંચવા આપુ છું. ઘણીવાર તેમને તે ગમતું નથી. અમુક ચર્ચા પણ કરે છે, પરંતુ તરત જ તેમની માનસીકતા બદલવી અઘરી હોય છે.

અમે પર્યાવરણના બચાવ માટે, સ્ત્રીના સ્વાસ્થ્ય માટે, બાલશોષણ, જાતીશોષણ ચમત્કારો વીશે કાર્યક્રમ યોજીએ છીએ ત્યારે શાળાઓ સીવાય, બહાર મોળો પ્રતીસાદ મળે છે, પરંતુ કોઈ ધાર્મીક આયોજન હોય તો ટોળાં ને ટોળાં આવે છે.

આમ આજે તો આપણો સમાજ ધર્મભીરુ છતાં ઝનુની થયો છે. વૈજ્ઞાનીક જીવનશૈલીનો શીક્ષીત લોકોમાં પણ અભાવ જોવા મળે છે.

આવા સમયમાં અમુક અપવાદ બાદ કરતાં વાંચનની, પુસ્તકની ગુણવત્તા પર પણ અસર થાય છે. ધાર્મીક પુસ્તકો ખુબ છપાય છે. પુણ્ય કમાવાની આશાએ તેમને આર્થીક સહાયતા પણ મળી રહે છે.

ફીલ્મને સંબંધીત, પેજ-૩ જેવી પત્રીકાઓ છપાય છે. સસ્તુ, અશ્લીલ સાહીત્ય અઢળક પ્રાપ્ત થાય છે. વળી ગૃહીણીઓ માટે દેખાવ, રંગ, રુપ, ફેશન, વસ્ત્રો, રસોઈ, શૃંગાર, કેશકલાપને સમાવતી પત્રીકાઓની ભરમાર છે. વર્તમાનપત્રો પણ એક એક દીવસ ધર્મ, નક્ષત્ર, શ્રદ્ધા, સ્ત્રી, નારીના નામે પુર્તીઓ છાપે છે.

નક્ષત્ર, સતસંગ, પુણ્યફળ, રાશીફળ, સેકસ સમસ્યા, રુદ્રાક્ષ, વાસ્તુશાસ્ત્ર, બાવાઓ, ફકીરો, બાધાઓની માહીતી ભરપુર છપાય છે.

વળી જુવાનો સપનામાં રાચતા હોય છે. આથી સેકસ, રોમાંસ, પ્રેમ, રહસ્ય કળા, હીંસા, અવાસ્તવીકતાથી ભરપુર નવલકથાઓ પસંદ કરે છે. ઘણા ધાર્મીક પુસ્તકો પણ વાંચતા હોય છે.

આ મુડીવાદ-ઉપભોગતાવાદનું આડકતરુ ષડયંત્ર છે કે જે આખા સમાજને એક પ્રકારના નશામાં રાખે છે.

## ત્રીજો ભાગ : ભુમીકા

આવી પ્રવર્તમાન પરીસ્થીતીમાં 'સત્યાન્વેષણ'ને પોતાની ભુમીકાનું મહત્ત્વ વધારવા, તેના પ્રચાર, પ્રસાર માટે પોતાનું રુપ, અંદરની અપાતી માહીતીના શૈલી, પ્રકાર, વીવીધ પાસા બદલવા પડશે 'સત્યાન્વેષણ'માં જે છપાય છે તે યોગ્ય જ છે, પણ તેને જુદા પાત્રોમાં, કલરમાં કે રંગમાં પ્રસ્તુત કરવા પડશે કારણ કે આજે 'સત્યાન્વેષણ'ને મોટો ભાગે તે લોકો જ વાંચે છે જે સત્યશોધક સભા સાથે સંકળાયેલા છે. રેશનાલીસ્ટ છે. હું મારા મીત્રોને તે મોકલાવ્યા કરું છું, આથી તેઓ વાંચે છે.

વૈજ્ઞાનીક અભીગમ, જીવનશૈલી વીવેકબુદ્ધીનો વીકાસ, ચમત્કારોનો પર્દાફાશ, અંધશ્રદ્ધાનો વીરોધ, ખોટી માન્યતાઓની સામાન્ય માણસના જીવન પર અસરને જે દર્શાવાય છે તેને વધુ રોચક રુપે અપનાવવું પડશે.

રેશનાલીસ્ટ વીચારધારાનાં પાસાં, વૈજ્ઞાનીક શોધો, સામાજીક, આર્થીક, નાત-જાતની અસમાનતા, સ્વાસ્થ્ય શીક્ષણનું મહત્વ વીશે સીધા લેખો છાપવા ઉપરાંત તે મુદ્દાઓ પરથી વાર્તાઓ, પ્રસંગો, કીસ્સાઓ, દાખલા રુપે રજુ થાય તો વાચકને વધુ વીચારતા કરી શકાય. વળી વાંચવું ગમે પણ !

દા. ત. સાધુની ચુંગાલમાં ફસાવાથી કે બચવાથી, ખોટા ખર્ચા ન કરવાની, ધાર્મીક વીધીમાં ખોટો સમય, પૈસાનો વ્યય ન કરવાની, ભુવા-દોરા-ધાગાથી નુકસાન, સમયસર અનુભવ રુપે કથા-વાર્તા રુપે છપાય તો રસ પણ પડે અને સમજ પણ !

આમ બોધકથા, કવીતા, અનુભવથી લોકભોગ્ય પત્રીકા બની શકે.

બાળવાર્તા-જે પર્યાવરણ, રમતગમત, શીક્ષણ, સ્વચ્છતા, વૈજ્ઞાનીક ચમત્કારો રહસ્યો અંગે છપાય તો બાળકો પણ આનંદ સાથે શીક્ષણ મેળવી શકે !

રસોડામાં પૌષ્ટીક આહારની માહીતી સાથે, રાંધણ કળાનો વીભાગ હોય તો ગમે, ટુચકા, રમુજ, જોક જે રેશનાલીસ્ટ હોય તો મજા પડે.

હાસ્ય કથા, જેમાં રેશનાલીસ્ટ અભીગમ રાખવા કે ન રાખવાની ઉભી થતી રમુજ વીશે લખી શકાય.

સ્ત્રીની ગરીમા વધે તેવી માહીતી મુકાય. આમ 'સત્યાન્વેષણે' જે અઘરુ પણ સામાજીક જવાબદારીનું કાર્ય માથે લીધું છે તેમાંથી નીરસતા, એકધારાપણુ, 'monotonic' મટીને આજના જમાના સાથે તાલ મીલાવી રંગીન કે નવા રુપમાં કડવી ગોળીને સાકરમાં બોળીને પીવડાવવા માટે સજ્જ થવું પડશે.

'ઈશ્વરના નકાર'ને આજનો બહુધા સમાજ, સીધું કહીએ તો પચાવી શકતો નથી. પરંતુ પ્રસંગો, અનુભવો દાખલા દ્વારા આડકતરી રીતે સમજાવી શકાય છે.

આમ 'સત્યાન્વેષણ'ની ભુમીકા આજના સમયે ઘણી અગત્યની છે. આ મોટી જવાબદારી છે કે સમાજને ખોટી માન્યતાઓ, અંધશ્રદ્ધા તથા અંધકારના માર્ગે ન ભટકવા દઈ, સત્યના પ્રકાશનો અનુભવ કરાવવો.

મીત્રો, 'સત્યાન્વેષણ'ના પ્રચાર, પ્રસાર, પ્રભાવ વધારવો આપણા હાથમાં છે. આપણે જે હવે સુર્યકાન્ત શાહ, સીદ્ધાર્થ દેગામી અને તેમની ટીમને સુચનો તથા લખાણો, પ્રસંગો મોકલી નવા વસ્ત્રોથી સજ્જ કરવા મહેનત કરવી પડશે. કાર્ય કઠીન છે, પણ શકય છે. 'સત્યાન્વેષણ'ને પરંપરાગત રુપ છોડી, રસપ્રદ, મસાલેદાર, ચોટદાર, રોચક, વૈવીધ્યપુર્ણ બનાવવું પડશે.

મારી શુભેચ્છાઓ.

## શું AI (આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ)માં જોખમો છે ?

**–આર. કે. દેસાઈ**

(વીજ્ઞાનની અનંતયાત્રામાં AI એક મોટું જંકશન છે. સત્યશોધનની દીશા અને ગતી બદલી નાંખે એવી એનામાં શકતી પડેલી છે. AI ને સમજવાનું કામ પહેલું છે. અહીં દેસાઈએ એના જોખમો પરત્વે ધ્યાન ખેંચ્યું છે. એ વાંચતા વાચકોને સમજાશે કે આપણે રેશનાલીઝમને નવેસરથી વીચારવું પડે એવી પરીસ્થીતી AI કરે તેમ છે. -સુ.)

**શું AI થી ડરવાના કારણો છે ?**

અમુક ખ્યાતનામ મહાનુભાવો જેવા કે સ્ટીફન હોકીન્સ અને સ્પેસ એક્ષના પ્રણેતા એલોન મસ્કે ચેતવણી ઉચ્ચારી છે કે AI ઘણી જ જોખમો શકયતાઓ ધરાવે છે. મસ્કે તો એક સમયે ઉત્તર કોરીયાના તાનાશાહ સાથે AI ની જોખમતાને સરખાવી હતી. માઈક્રોસોફ્ટના સહસર્જક બીલ ગેટસે પણ ચેતવણી ઉચ્ચારી છે કે AI અંગે ખુબ જ સાવધાની રાખવી આવશ્યક છે, પરંતુ જો યોગ્યપણે સંચાલીત થાય તો શુભ અશુભ પર હાવી થઈ શકશે. શરુઆતમાં ધારવામાં આવતું હતું તેના કરતાં સુપરઈન્ટેલીજન્ટ યંત્રો વધુ ઝડપથી વીકસી રહયા હોવાથી તેનાં જોખમો અંગે ગંભીર સમજ કેળવવાનો સમય પાકી ગયા છે.

પ્રથમ તો મર્યાદીત હેતુ ધરાવતી આજની AI વચ્ચેનો ભેદ સમજવો અગત્યનું છે. AI ના હાર્દમાં છે એવા યંત્રોનો વીકાસ જે સમજણપુર્વક વીચારી અને વર્તી શકે. ગુગલનું સર્ચ એલગોરીધમ એક આવું ઉપકરણ છે, તો બીજુ ઉદાહરણ છે એવી યંત્રસમુહોની રચના જો સ્વયં સંચાલીત થાય તો શુભ અશુભ પર હાવી થઈ શકશે. શરુઆતમાં ધારવામાં આવતું હતું તેના કરતાં સુપરઈન્ટેલીજન્ટ યંત્રો વધુ ઝડપથી વીકસી રહયા હોવાથી તેનાં જોખમો અંગે ગંભીર સમજ કેળવવાનો સમય પાકી ગયો છે.

**પ્રથમ તો મર્યાદીત હેતુ ધરાવતી આજની** AI : વચ્ચેનો ભેદ સમજવો અગત્યનું છે. AI ના હાર્દમાં છે એવા યંત્રોનો વીકાસ જે સમજણપુર્વક વીચારી અને વર્તી શકે તેવો થવો જોઈએ. ગુગલનું સર્ચ એલગોરીધમ એક આવું ઉપકરણ છે, તો બીજું ઉદાહરણ છે એવી યંત્રસમુહોની રચના જેણે સ્વયંસંચાલીત માનવ સમાજ માટે હકારાત્મક અસર ઉપજાવનાર રહયા છે, પરંતુ કોઈ પણ તાકતવાર સાધન અયોગ્ય હાથમાં આવી જાય તો તેના ઉપયોગ નુકસાનકારક સ્વરુપમાં પણ શકય બને છે.

આ જ આપણે મર્યાદીત હેતુ સીદ્ધ કરતી AI વીકસાવી છે, જે નીશ્ચીત કાર્યો જેવાં કે માનવ ચહેરાની ઓળખ, કુદરતી ભાષાનું પૃથકકરણ અથવા ઈન્ટરનેટ પરની સર્ચને ખુબ જ સારી રીતે પાર પાડી શકે છે, પણ હમણાં તેના ઉપયોગ પર તજજ્ઞો કામ કરી રહયા છે તેમાં કૃત્રીમ સામાન્ય ઈન્ટેલીજન્સ વીકસાવવાનો છે, જે એવી પદ્ધતીઓ વીકસાવશે કે જે બુદ્ધી ધરાવતા મનુષ્યો કરી શકે તેવાં કાર્યો કરી શકશે. મોટે ભાગે તે દરેક કાર્યમાં માનવને હરાવી આગળ નીકળી જશે. એલન મસ્કે એક જગ્યા પર ટીપ્પણી કરી છે કે આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સની પ્રગતીનો દર આશ્ચર્યજનક રીતે ઝડપી છે. અહી તે મર્યાદીત AI ની વાત કરતા નથી. 'જયાં લગી તમને ડીપમાઈન્ડ જેવા સમુહો સાથે સીધું આદાનપ્રદાન ન હોય ત્યાં લગી તમને આ ઝડપ કે જે વધુને વધુ ગતી ધારણ કરતી જાય છે તેનો અંદાજ પણ આવવો મુશ્કેલ છે. કંઈક ગંભીરપણે જોખમો ઘટવાનો સમયગાળો પાંચ વર્ષ કે વધુમાં વધુ દશ વર્ષ મુકી શકાય.'હકીકતમાં એવી કેટલીએ AI એપ્લીકેશનો છે જે આપણા રોજબરોજના જીવનને આસાન અને કાર્યક્ષમ બનાવે છે, પણ હોકિન્સ અને મસ્ક જે અંગે ચીંતીત છે અને જે ટેકનોલોજી સંદર્ભે ખંચકાટ જાહેર કર્યો છે તે એવી એપ્લીકેશનો છે જે સલામતી પુરી પાડવામાં નીર્ણાયક ભુમીકા અદા કરે છે. ઉદાહરણ તરીકે જે AI પાવરગ્રીડના સંચાલન માટે જવાબદાર હોય તો ખોટકાઈ પડે અગર દુશ્મનો દ્વારા તેને હેક કરવામાં આવે તો તે વીસ્તૃત તારાજી સર્જી શકે.

**આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ જોખમી કઈ રીતે બની શકે ?**

હજુ જયારે આપણે સુપર ઈન્ટેલીજન્ટ યંત્રો સીદ્ધ કર્યા નથી ત્યારે તે સાથે સંકળાયેલા કાયદાકીય, રાજકીય, સામાજીક, નાણાકીય અને નીયમનાત્મક મુદ્દાઓ એટલા બધા સંકુલ અને વ્યાપક છે કે અત્યારથી જ તેના પ્રતી ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. જેથી સમય આવતા તેઓ વચ્ચે સલામતીપુર્વક સંચાલન કરવા આપણે તૈયાર હોઈએ. ભવીષ્યના સુપર ઈન્ટેલીજન્ટ મશીનો સાથે નીપટવા ઉપરાંત અત્યારના સ્વરુપમાં AI યંત્રો પણ ઘણા જોખમો સીદ્ધ થઈ શકે છે. તો ચાલો ચાવી રુપ AI સંદર્ભના જોખમો તપાસીએ.

**સ્વયંસંચાલીત હથીયારો :**

જોખમી કાર્યો કરવા પ્રોગ્રામીત કરાયેલા યંત્રો જેવાં કે સંહાર કરવા નીર્માણ કરાયેલા  સ્વયંસંચાલીત હથીયારો એવું એક ઉદાહરણ છે. જેમાં AI જોખમી સાબીત થઈ શકે. અણુશસ્ત્રોની હરીફાઈનું સ્થાન જગતવ્યાપી સ્વયંસંચાલીત શસ્ત્રો ધારણ કરે એવું પણ બની શકે. રશીયાના પ્રમુખ વ્લાટીમેર પુટીન કહે છે કે ‘આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ એ ભવીષ્ય છે, માત્ર રશીયા માટે જ નહીં, પણ સમગ્ર માનવ જાત માટે. તે અકલ્પય તકો સાથે અવતરે છે, પરંતુ એવા જોખમો પણ સાથે લાવે છે જે અંગે અનુમાન કરવા મુશ્કેલ છે. જે પણ આ ક્ષેત્રમાં અગ્રેસર રહેશે તે જગત પર શાસન કરશે.’ આવા સ્વયંસંચાલીત હથીયારો પોતાની જ પ્રજ્ઞા હાંસલ કરી શકે એવી થોડા દુરના ભવીષ્યની શકયતા અંગે ચીંતા કરવા કરતા વધારે તાતી ચીંતા તો આવા સ્વયંસંચાલીત હથીયારો એવી વ્યકતી કે સરકારો જે માનવ જીવન પ્રતી સંનીષ્ઠા ધરાવતા ન હોય તેના હાથમાં પહોંચી જવાની છે. એક વખત આવા શસ્ત્રો કાર્યરત થયા પછી તેમને બીનકાર્યરત કરવા કે તેમનો મુકાબલો કરવો કઠીન છે. બીજા વીશ્વયુદ્ધના સમયે પાથરેલી સુરંગો આજે પણ દર વર્ષે હજારો માનવોનો ભોગ લે છે. તેના કરતાં તો આ આધુનીક શસ્ત્રો અનેક ઘણા ઘાતક અને શોધવા મુશ્કેલ છે.

**સામાજીક, આર્થીક અને રાજકીય બદઈરાદાઓ**

સોશ્યલ મીડીયા તેના સ્વયંસંચાલીત એલગોરીધમને સહારે વસ્તુઓ વેચવામાં ખુબ જ અસરકારક છે. તેઓ ડેટા એકત્રીત કરી તેના ઘનીષ્ઠ પૃથકકરણના આધારે ‘આપણે કોણ છીએ ? આપણી પસંદગી શી છે ? અને આપણા વીચારોના તારણ કયાં છે ?’ તે નકકી કરવામાં ખુબ ચપળ છે. કેમ્બ્રીજ એનાલીટીકા નામની બ્રીટીશ કંપની સાથે અન્ય સંલગ્ન કંપનીઓએ ફેસબુકના ૫ કરોડ વપરાશકારોના ડેટા મેળવી તેનો ઉપયોગ અમેરીકાના

૨૦૧૬ના પ્રેસીડન્ટના ઈલેકશનાના મતોનો ઝુકાવ ટ્રમ્પની તરફેણમાં કઈ રીતે કર્યો તથા બ્રીટનના બ્રેટેકઝીટના અંગેના લોકમતમાં છુટા પડવાની તરફેણમાં શી રીતે પ્રોપેગેન્ડામાં ભાગ  લીધો તે અંગેની જાંચ ચાલુ જ છે. ભારતના ઈલેકશનમાં આ સંસ્થાઓની ભુમીકા અંગે ઘણા સંશયો બહાર આવ્યા છે, પણ તેમાં કોઈ નીષ્પક્ષ તપાસની શકયતા નહીંવત્ છે. જો આરોપો સાચા હોય તો તે AI ની સામાજીક, આર્થીક નુકસાન કરી શકવાની ક્ષમતાના ઉદાહરણ સીદ્ધ થશે. ડેટાના  માઈનીંગ અને એલગોરીધમ આધારે નીશ્ચીત કરાયેલી વ્યકતીઓને લક્ષ બનાવી પ્રોપેગેન્ડાનો મારો ચલાવી લક્ષને જે પસંદ પડે તે માહીતી. જે સ્વરુપમાં તે પીરસવી હોય તે સ્વરુપમાં પુર્ણપણે સહમત જ જે થાય એ પ્રમાણે રજુ કરાય છે., પછી તે હકીકત હોય કે માત્ર જુઠાણું.

**અંગતતા અને ખાનગીતા પર આક્રમણ અને સામાજીક મુલ્યાંકન :**

હવે કોઈ પણ વ્યકતીની દરેક ઓનલાઈન હીલચાલ અને જયારે તે પોતાના રોજીંદી કાર્યવાહીમાં રત હોય ત્યારે તેને અનુસરવું અને તેનું પૃથકકરણ કરવું શકય છે. સીસીટીવી અને કેમેરા હર સ્થળે પહોંચી ગયા છે. ફેશીયલ રેકગનાઈઝીંગ અલગોરીધમ તમે કોણ છો તે જાણી શકે છે. હકીકતમાં આ પ્રકારની માહીતી ચીનની ૧૪૦ કરોડ નાગરીકોની મુલવણી કરી તે દરેકને તેમના સામાજીક વર્તનને આધારે વ્યકતીગત સ્કોર આપી રહી છે. શું તેઓ ચાલે છે ત્યારે નીયમોનું પાલન કરે છે ? શું તેઓ નોન સ્મોકીંગ ઝોનમાં ધુમ્રપાન કરે છે ? તેઓ વીડીયો ગેઈમ રમવામાં કેટલો સમય વ્યતીત કરે છે ? આમ તમે હંમેશાં 'મોટાભાઈ'ની દેખરેખ હેઠળ રહો છો. તમારા જીવનનો હરેક નીર્ણય તેના આધારે લેવામાં આવનાર હશે. આ માત્ર અંગતતા પર આક્રમણ નથી પણ ક્ષણ વારમાં તે સર્વેલન્સ અને સામાજીક જુલમનું સ્વરુપ પકડી શકે છે.

**આપણા અને યંત્રોના ઉદેશો વચ્ચે વીસંગતતા :**

AI સંચાલીત યંત્રોની અમુક બાબતો માનવને મુલ્યવાન લાગે છે, જેથી એ પ્રભાવીત થયો છે, તે આ યંત્રોની કાર્યક્ષમતા અને તેમની અસરકારકતા, પણ જો આ AI સંચાલીત યંત્રો પાસે અપેક્ષીત ઉદેશ્યો અંગે આપણે સ્પષ્ટ ન હોઈએ અને આવા આપણા ઉદેશોથી માહીતગાર ન હોય તો ત્યારે ગંભીર પરીસ્થીતી સર્જાઈ શકે. ઉદાહરણ તરીકે આપણે આદેશ કર્યો કે, 'જેટલી ઝડપથી બની શકે એટલી ઝડપથી મને એરપોર્ટ પહોંચાડ' તો તેનાં ભયાનક પરીણામો આવી શકે. જો એ સ્પષ્ટ કરવામાં ન આવે કે ટ્રાફીકના નીયમોનું પાલન

થવું જોઈએ કારણ આપણે માનવ જીવનને મુલ્યવાન સમજીએ છીએ, તો યંત્ર આદેશ અનુસાર બને એટલી ત્વરાએ આપણને એરપોર્ટ પર પહોંચાડશે પણ પાછળ છોડી આવશે એક અકસ્માતોની હારમાળા.

**ભેદભાવ :**

આવાં શાણાં યંત્રો તમારા અંગે વીપુલ પ્રમાણમાં માહીતી એકત્રીત કરી શકે છે, માહીતી પર પગેરુ રાખી શકે છે, અને તેનુ પૃથકકરણ કરી શકતા હોવાથી આ માહીતીનો ઉપયોગ આવા યંત્રો જાતે અથવા તમારા હરીફો કે સરકાર તમારી વીરુદ્ધમાં કરી શકે છે. તમારી વીરુદ્ધ ખોટા પુરાવાઓ સર્જી શકે છે, અને તમારા કુટુંબ કે મીત્રોને રંજાડી શકે છે. વીમા કંપની તમારો વીમો ઉતારવાની ના કહી શકે અથવા વધારે ઉંચા પ્રીમીયમની માંગણી કરી શકે છે કારણ તેની પાસે તમે ગાડી ચલાવતી વખતે  ટેલીફોન પર વારંવાર વાત કરતા કેમેરામાં ઝડપાયા છો. કોઈ તમને નોકરી પર રાખવાની એટલા માટે ના કહી શકે કારણ તમારો સોશ્યલ ક્રેડીટ સ્કોર નબળો છે. કોઈ પણ બળવાન ટેકનોલોજીનો દુરઉપયોગો શકય છે. આજે AI નો ઉપયોગ ઘણાં સારાં કામો માટે થઈ રહ્યો છે જેમ કે રોગ અંગેનું વધુ સચોટ નીદાન, કેન્સર જેવી બીમારીને મટાડવાની નવી પદ્ધતીઓનો વીકાસ અને કાર હંકારવાનું ઓછુ જોખમી બનાવવાનું. અગત્યની બાબત એ છે કે AIનો વીકાસ એટલો બધો તીવ્ર છે કે એ ઘણું જ તાકીદનું બની ગયું છે કે આપણે એ અંગે ચર્ચા-ગહન ચર્ચા કરીએ કે તેનો વીકાસ હકારાત્મક રહે અને જે નકારાત્મક પાસાં છે તેની વીધ્વંશકારક શકયતાઓ ન્યુનતમ રહે.

---

**સત્યશોધક સભાને મળેલ દાન**

(૧) શ્રી તારાબહેન પ્રેસવાલા તરફથી રૂા. ૨,૦૦૦/- અને (૨) શ્રી નીકુંજભાઈ દેસાઈ તરફથી રૂા. ૧,૦૦૦/- નાં દાન મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

---

**‘સત્યાન્વેષણ’નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ  બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605,  IFSC = BARBOPARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે.**

# The Collapse of the Theory of Evolution - 20 Questions - Harun Yahya ના પુસ્તકનું ટીકાત્મક અવલોકન

–બી. એ. પરીખ

**પ્રાસ્તાવીક :**

અદનાન ઓકારએ 'હારુન યાહયા'ના એ તખલ્લુસ નામ હેઠળ ચાર્લ્સ ડાર્વીનના ઉત્ક્રાંતી સીદ્ધાંત વીષે ૨૦ પ્રશ્નો-વાંધાએ ઉભા કરી આ સીદ્ધાંતનું ખંડન કર્યું છે. આ પુસ્તક પ્રથમ વાર ૨૦૦૩માં પ્રકાશીત થયું હતું. તેના વીશે ઘણી ચર્ચા થઈ છે, તેની આવૃત્તીઓ પણ થઈ છે.

હારુન યાહયાના આ પુસ્તકનું ટીકાત્મક અવલોકન કરી તેમણે ઉઠાવેલા ૨૦ પ્રશ્નોના જવાબો આપવાનો અત્રે પ્રયાસ કર્યો છે. ૨૦ પ્રશ્નો છે એટલે પુસ્તકમાં ૨૦ પ્રકરણો છે.

આ પુસ્તક વાંચીને મારો પ્રથમ નમ્ર અભીપ્રાય એ છે કે લેખક હારુન યાહયા વીજ્ઞાની કરતાં ધાર્મીક-ઈસ્લામીક કટ્ટરવાદી, લેખક વીશેષ છે. તેમના પુસ્તકમાં અંતે લેખક કોરાનની આયાત ટાંકી લખે છે કે, 'તમારો વીજય થાઓ. આપે જે અમને શીખવ્યું છે (કોરાન) તે સીવાય બીજું કોઈ જ્ઞાન અમારી પાસે નથી. આપ (અલ્લાહ) જ સર્વજ્ઞાતા ડહાપણનો ભંડાર છો.'

અલ્લાહને સમર્પીત ધાર્મીક દ્રષ્ટીકોણથી લખાયેલા આ પુસ્તકને વીજ્ઞાનનું પુસ્તક કેવી રીતે કહેવાય ? યાહયા પણ ખ્રીસ્તી ધર્મગુરુઓ, ધાર્મીક માનસવાળા વીદ્વાનો, અનુયાયીઓની જેમ જ ઉત્ક્રાંતી-Evolution માં નહીં, પરંતુ Creationism મા સર્જનવાદના સીદ્ધાંતમાં જ માને છે.

**પુસ્તક લખવા વીશેની ભુમીકા :**

આ પુસ્તક હારુન યાહયાએ લખ્યું તે વાંચીને એવી પુરી શંકા થાય છે કે યાહયાએ ડાર્વીને તેનો ઉત્ક્રાંતી સીદ્ધાંત કેવી રીતે તારવ્યો તે ભુમીકા વીષે તેમ જ ડાર્વીનનું The descent of Man પુસ્તક શું વાંચ્યું હશે ખરું ? વાંચ્યું તો તે સમજયા હશે ખરા ? ચાર્લ્સ ડાર્વીને ૧૮૩૧ થી ૧૮૩૬, પાંચ વરસ સમુદ્ર યાત્રા કરી, અને હજારો પુરાવા, અથાગ મનોમંથન પછી ૧૮૫૯માં પ્રથમ વાર પુસ્તક લખી ઉત્ક્રાંતી સીદ્ધાંતને જાહેર કર્યો એ વૈજ્ઞાનીક પ્રક્રીયા યાહયાની સમજમાં આવી હોય તેવું લાગતું નથી. આ સંદર્ભે ડાર્વીનને

'ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ-માનવીનું અવતરણ'-પ્રકાશક : સત્યશોધક સભાનો લઘુગ્રંથ વાંચવા ભલામણ છે. વળી હારુનભાઈને ખબર હોવી જોઈએ કે જે સમયગાળામાં ચાર્લ્સ ડાર્વીન સંશોધન કરી તેમને મળેલા પુરાવા માહીતીને સમજવાની મથામણ કરતા હતા. તે સમયગાળામાં દક્ષીણ પુર્વ એશીયા વીસ્તારમાં આલ્ફ્રેડ વોલેસે પણ પોતાનો સીદ્ધાંત રજુ કર્યો. બંને સીદ્ધાંતો એક જ મુદ્દા પરત્વે એક સરખા સીદ્ધાંત હતા. તેથી ઉત્ક્રાંતી સીદ્ધાંતની શોધ બે વીજ્ઞાનીઓએ કરી છે. બંનેને સરખું શ્રેય છે. એવું ઇંગ્લેન્ડના ટોચના વીજ્ઞાન મંડળે જાહેર કર્યું હતું. ચાહચાભાઈની જાણમાં આવી જગપ્રસીદ્ધ ઘટના તો હોવી જ જોઈએ ને ? પરંતુ તેમના પુસ્તકમાં આનો કયાંય ઉલ્લેખ નથી.

**પુસ્તકની પ્રસ્તાવનામાં હારુન ચાહચાનું નીવેદન :**

હારુન લખે છે તેમ તેમણે આ ગ્રંથ નીચેના સંદેશાઓ આપવા માટે લખ્યું છે :

- વીશ્વમાં સર્વશકતીમાન એક અલ્લાહ જ અસ્તીત્વ ધરાવે છે.
- કોરાનમાં આલેખાયેલા નૈતીક મુલ્યોનો પ્રચાર કરવા.
- નીરીશ્વરવાદ તેમ જ ભૌતીકવાદનો બૌદ્ધીક રીતે પ્રતીકાર કરવા.
- ઈસ્લામની - (આતાર્કીક !) જીવન શૈલીનો પ્રચાર કરવા.

હારુન ચાહચા દાવાઓ કરે છે કે :

- ઉત્ક્રાંતીનો અર્થ એ કે તમામ પ્રજાતીઓનો ઉદભવ આકસ્મીક (chance) થયો છે. શું તેનો કોઈ હેતુ નથી ?
- ઉત્ક્રાંતી સીદ્ધાંતનો સ્વીકાર એટલે જગતમાં માત્ર અને માત્ર સ્વાર્થ (selfishness) ના સીદ્ધાંતનું સમર્થન.
- ચાહચાના આ દાવાઓના જવાબમાં એમ કહેવાયું છે કે ચાહચાનો સ્વાર્થપરસ્તીનો દાવો ખોટો છે, કારણ કે વીશ્વમાં હીંસક ઘટનાઓ, ગુનાખોરીના કીસ્સા છેલ્લે કેટલાક વર્ષોમાં ઘટયા છે. અનેક લોકો, મંડળો સ્વાર્થ બાજુએ રાખી માનવસેવાનાં કાર્યો કરે છે.
- ઉત્ક્રાંતી સીદ્ધાંતના સમર્થનથી જ સામ્યવાદ અને ફાસીવાદ ઉપજયા છે તે નીતાંત ખોટું છે.
- ઉત્ક્રાંતીવાદ ભૌતીકવાદના નાશ માટે છે એ ખોટું છે કારણ ભૌતીકવાદ તો ઉત્ક્રાંતી કરતાં ઘણો પુરાણો છે.
- ચાહચા એવો ખોખલો આધારવીહીન દાવો કરે છે કે ઉત્ક્રાંતી સીદ્ધાંતને વૈજ્ઞાનીક શોધ તપાસ અને પુરાવાઓનું સમર્થન નથી. ચાહચાની આ માન્યતાથી એમ શંકા ઉપજે છે કે

શું ચાહચાએ ડાર્વીને તેનો ઉત્ક્રાંતીનો સીદ્ધાંત કેવી રીતે તારવ્યો તે વીષે પુરુ જાણ્યું હશે ? ઉત્ક્રાંતી એટલે શું ? તે વીષે તેમને પુરી સમજ છે ખરી ?

**હારુન ચાહચાની કેટલીક સમસ્યાઓનું ખંડન : ચાહચા માને છે કે,**

- પ્રથમ જીવ કેવળ અકસ્માત - chance ઉત્પન્ન થયો છે. આ માન્યતા ધરમુળ ખોટી છે. આપણે જાણીએ છીએ કે ખુલ્લો કચરો, ગંદવાડ, એઠવાડમાં કોહવાટ થાય છે અને જીવ-કીડા જન્મે છે. પાણીમાં કાળાંતરે પોરા પડે છે. પાણીમાં લીલ-બેકટેરીયા જન્મે છે. આ એક જૈવ રાસાયણીક પ્રક્રીયા છે. આકસ્મીક (chance) ઘટના તો નહીં જ.

- ચાહચા માને છે કે રુપાંતર, પરીવર્તન, mutation જેવું કશું થતું નથી. ચાર્લ્સ ડાર્વીને વીવીધ સ્થળોએ જે જાતજાતના કદ, આકારના, જુદા જુદા સમયના જીવોના અશ્મીઓ એકત્રીત કર્યા તેણે કેટલાક પ્રાણીઓની સમાન લાગે છતાં એકબીજાથી ભીન્ન (similarity in difference) પ્રજાતીઓ જોઈ તે ઉપરથી ચોકકસ એમ જ માનવા પ્રેરીત થવાય કે એકનું બીજામાં રુપાંતર, પરીવર્તન ઉત્ક્રાંતી થયું હોવું જોઈએ, નહીં તો, ભીન્ન લાગતા જીવોમાં કેટલીક સમાનતાઓ કેવી રીતે હોઈ શકે ? ચાહચા આવી સાદી ઘટના સ્વીકારતા નથી.

- એક જ મુળમાંથી common descent વનસ્પતી તેમ જ જીવસૃષ્ટી ઉદ્‌ભવી છે એને સમર્થન આપતા અનેક જનીનીક પુરાવાઓ તો છે જ. જે પુરાવાઓ વીવીધ કાળ તેમ જ વીવીધ કક્ષાના છે.

-સામાન્ય માણસો જેને ઉત્ક્રાંતી શું છે તેની જાણ સમજ જ નથી તેઓ પણ કહે છે કે 'બીલ્લી વાઘ તણી માસી' એટલે કે બીલાડી વાઘ બંને એક જ કુળના છે. સામાન્ય જન એમ પણ માને છે કે માણસ વાંદરા-વાનર જેવો છે. વાનરવેડા તે કરે છે. માણસને ઢોર, પશુ, ગધેડો, વાંદરો વગેરે ઉપમાઓ અપાય છે.

-આપણે જડબેસલાક કહીએ છીએ કે man is an animal, a higher animal ! આખું તબીબીશાસ્ત્ર-ઔષધશાસ્ત્ર નવી નવી ઔષધોની શોધ પ્રથમ તો ઉંદર, સસલા, વાનર જેવાં પ્રાણીઓ ઉપર પ્રયોગ અને અજમાયશ કર્યા પછી જ માણસને આપવામાં આવે છે. ચાહચાએ આવી સીધી સાદી હકીકતને કેવી રીતે નજર અંદાજ કરી ?

-ચાહચા કહે છે કે ઉત્ક્રાંતી સીદ્ધાંતને કોઈ વીજ્ઞાનનો આધાર નથી. આવું વીધાન ચાહચા જેવા વીદ્વાન કરે ત્યારે ચાહચાની માનસીકતા વીશે શું સમજવું ? plantology, Genetics, Norphology, Molecular, Biology, zoology, physiology, Bio-chermistry, Animal Psychology, વગેરે અનેક વીજ્ઞાનોમાં ઉત્ક્રાંતીના આધાર પુરાવા છે.

ચાહચાની એક અજ્ઞાનપ્રયુકત દલીલ એ છે કે જે ઈશ્વરનો સ્વીકાર કરવા માંગતા નથી તેવા લોકો ઉત્ક્રાંતીનો સ્વીકાર કરે છે. ચાહચાની આ દલીલ ખોટી છે કારણ ઘણા ધાર્મીક વીદ્વાનો, લોકો પણ ઉત્ક્રાંતી-સીદ્ધાંતને સ્વીકારે છે.

ચાર્લ્સ ડાર્વીને તો બ્રહ્માંડની ઉત્પત્તીથી માંડીને પ્રથમ જીવ પાણીમાંથી ઉદ્‌ભવ્યો ત્યારથી માંડી 'આજનો માનવી' સુધીની ઉત્ક્રાંતી પ્રક્રીયામાં તમામ અવસ્થાઓના કાળક્રમનો અંદાજ આપ્યો છે, અને ઉત્ક્રાંતીની પ્રક્રીયા નીરંતર ચાલ્યા જ કરે છે.

**હારુન ચાહચાએ ઉઠાવેલા ૨૦ પ્રશ્નો–વાંધાઓ અને તેમનું ખંડન.**

હારુન ચાહચાએ ઉઠાવેલા ૨૦ વાંધાઓ તેમણે તેમના પુસ્તકનાં ૨૦ પ્રકરણોમાં કર્યા છે. વળી તેમણે પોતાના વાંધાના સમર્થનમાં કેટલાક વીજ્ઞાનીઓના (ધાર્મીક) મંતવ્યો મુકયા છે. તેમણે ઉત્ક્રાંતી પ્રક્રીયામાંથી પુરાવાઓ પણ એકઠા કર્યા છે એવો એમનો દાવો છે, પરંતુ પ્રથમ સવાલે જ એમ કહી શકાય કે આ તમામનો પાયો, આધાર તો ધાર્મીક માન્યતાઓ, ધર્મઝનુન છે. ચાહચાના ૨૦ પ્રશ્નોના જવાબો ખંડન Jack Buster નામના વીદ્વાને કર્યું છે. તેના આધારે અત્રે ચાહચાના પ્રતીકાર કરવાનો પ્રયાસ કર્યો છે.

**પ્રશ્ન નંબર ૧ :** ઉત્ક્રાંતી સીદ્ધાંત વૈજ્ઞાનીક રીતે કેમ યથાર્થ (valid) નથી ?

હારૂન ચાહચાનો આ પ્રશ્ન સાવ વાહીયાત છે. તે તેમની ઉત્ક્રાંત સીદ્ધાંત રચાયો તે માટેની ચાર્લ્સ ડાર્વીનની મથામણ, વર્ષો સુધીનું ચીંતન વીષે સાવ અજ્ઞાત, અને અપરીચીત હોય એવું ખસુસ લાગે છે.

**પ્રશ્ન નંબર ૨ :** ઉત્ક્રાંતી સીદ્ધાંત સાવ વાહીયાત છે અને તે સર્જનવાદ, (Creationism) ના સત્યને પુષ્ટી આપે છે. Creationism, Intelligent Design જેવા કહેવાતા સીદ્ધાંતા વૈજ્ઞાનીક હકીકતોને પચાવી ન શકતા ધર્મો ખ્રીસ્તી, ઈસ્લામ, હીંદુ વગેરેએ આપ્યા છે. બ્રહ્માંડ ઈશ્વરરચીત છે એમ માન્યા પછી આગળ તેઓ મગજનાં દ્વાર બંધ રાખતા હોય છે, જે હારૂન ચાહચા જેવા વીદ્વાનોમાં જોવા મળે છે.

**પ્રશ્ન નંબર ૩ :** માનવીની ઉત્પત્તીના મુળ કયાં સુધી જાય છે ? તે ઉત્ક્રાંતીનું સમર્થન કેમ કરતા નથી ? હારુનનો આ મત, વાંધો પણ સાવ ખોટો-અજ્ઞાનજનીત છે. ડાર્વીને માનવ પ્રજાતીની મૂળ ઉત્પત્તી Homosapieusથી માંડી 'આજનો માનવી' સુધીની પ્રક્રીયાને લાખો વરસ થયાં છે તે માનવી વીકાસની વીવીધ અવસ્થાઓ, કક્ષાઓ દ્વારા બતાવી છે, તપાસી છે. વળી આ ઉત્ક્રાંતી પ્રક્રીયાના સમર્થનમાં માનવી અવસ્થાઓના અશ્મીઓ હાડકાં, ખોપરીઓ પણ મળ્યાં છે.

**પ્રશ્ન નંબર ૪ :** ઉત્ક્રાંતી સીદ્ધાંત એ જીવવીજ્ઞાનોનો પાયો કેમ નથી ? હારુન ચાહચાની આ માન્યતા કેવી રીતે બંધાઈ ? શરીરવીજ્ઞાન, જીવવીજ્ઞાન, અસ્થીવીજ્ઞાન-મજ્જાતંત્ર અને મગજની રચના, વગેરે તો ઉત્ક્રાંતી સીદ્ધાંતના આધારો છે. આજનાં જૈવીક વીજ્ઞાનો તો ઉત્ક્રાંતી સીદ્ધાંતનો સ્વીકાર કરે જ છે. ઉત્ક્રાંતી સીદ્ધાંતની સ્વીકૃતી, કર્યા વીના ઘણાં બધાં લક્ષણો સમજાવી શકાય જ નહીં. આ મુદ્દા માટે Creationism સીદ્ધાંતને કોઈ સમજ જ ન પડે.

**પ્રશ્ન નંબર ૫ :** જુદી જુદી વંશો-જાતીઓનું અસ્તીત્વ એ ઉત્ક્રાંતીનો પુરાવો કેમ નથી ?

હકીકતમાં જુદા જુદા વંશો-જાતીઓનું અસ્તીત્વ તો ઉત્ક્રાંતી સીદ્ધાંતનો પુરાવો જ છે. Similarity in differences 'વીભીન્નતામાં સમાનતા' એ તો ઉત્ક્રાંતીનો એક પાયાનો, મુળભુત ખ્યાલ છે. જેનો નકાર હારુન કરે છે, એ હારુનની નરી અજ્ઞાનતા, ઉત્ક્રાંતી વીષેની અપુર્ણ ખોટી સમજ છે.

**પ્રશ્ન નંબર ૬ :** વાનર અને માનવીના રંગસુત્રોમાં ૯૯ ટકા સમાનતા છે અને આ હકીકત ઉત્ક્રાંતીનો પુરાવો છે એ સાચું કેમ નથી ? ઉલટું વાનર અને માનવીનાં રંગસુત્રો અવસ્થાની ઉત્ક્રાંતી થઈ એ ખ્યાલનું સમર્થન કરે છે. વાનર-ચીમ્પાન્ઝી- અને માનવી એ કરોડરજ્જુ ધરાવતા સ્તન્ય અંગુલધારી પ્રાણીઓના વર્ગમાં આવે, અને માનવ વંશ એ વાનર વંશમાંથી આગળ ઉત્ક્રાંત થતા માનવ આકાર અને લક્ષણો, ખાસીયતો ઉપજી.

**પ્રશ્ન નંબર ૭ :** ડાયનોસેરમાંથી ઉત્ક્રાંત થતા પક્ષી યોની ઉપજી એ અવૈજ્ઞાનીક કપોળ કલ્પના કેમ છે ? હારુનની આ ધારણા પણ ખોટી છે. Archaeptris એક એવી પ્રજાતી છે જે ડાયનોસેર અને નાના પક્ષીઓનાી વચમાં ઉત્ક્રાંતીની એક અવસ્થા છે.

**પ્રશ્ન નંબર ૮ :** માનવગર્ભના શરીર ઉપર ભીંગડા ભુંગડા હોય છે. એ માન્યતા વૈજ્ઞાનીક ગપ્પું, જુઠાણું કેમ છે ? ચાહચાનો આ વાંધો, પ્રશ્ન નીતાંત ભુલભરેલો છે

તેને ઉત્ક્રાંતીનો વીરોધ કરવા બીજો કોઈ મુદ્દો ન મળ્યો એટલે ચાહચાએ તેની જુની દલીલને ફરી આગળ કરી છે.

**પ્રશ્ન નંબર ૯ :** કલોનીંગ (cloning) એ ઉત્ક્રાંતીનો પુરાવો છે એ છેતરપીંડી બનાવટ કેમ છે ? વાસ્તવમાં કલોનીંગ એ ઉત્ક્રાંતીનો પુરાવો છે એવો દાવો કદી થયો જ નથી. અહીં પણ ચાહચાએ પોતાની ચવાઈ ગયેલી જુની દલીલ પુનઃ રજુ કરી છે.

**પ્રશ્ન નંબર ૧૦ :** શું જીવન (લાઈફ) એ બાહય અવકાશમાંથી આવ્યું છે એ શકય છે ? ચાહચાનો આ પ્રશ્ન પણ ઉત્ક્રાંતી સીદ્ધાંત સાથે સાવ અસંબંધીત અને વાહીયાત છે.

**પ્રશ્ન નંબર ૧૧ :** આ પૃથ્વી ચાર અબજ વર્ષ જુની છે એ માન્યતા ઉત્ક્રાંતી સીદ્ધાંતનું સમર્થન કેમ કરતી નથી ? આ પ્રશ્નને ઉત્ક્રાંતી સીદ્ધાંત સાથે કંઈ લાગતું વળગતું નથી. સાવ અસંબંધીત અસ્થાને છે.

**પ્રશ્ન નંબર ૧૨ :** ડહાપણની દાઢો (wisdom teeth) એ ઉત્ક્રાંતીનો પુરાવો કેમ નથી ? ઉત્ક્રાંતીમાં ઘટના એ છે કે આદી માનવમાંથી આજના માનવી સુધીની ઉત્ક્રાંતીની વીવીધ અવસ્થાઓમાં માનવીના શરીરનો બાંધો, કદ, ચહેરાનો આકાર, દાંતોની સંખ્યામાં ઘટાડો વગેરે પરીવર્તનો થતાં ગયાં છે. ડહાપણની ડાઢના દાંતોને ઉત્ક્રાંતીની સાથે કોઈ અનીવાર્ય સંબંધ નથી. ઘણા માણસોમાં ડહાપણના દાંતો ઉગતા નથી અને આ દાંત વગર પણ ચાલે છે. વળી કેટલાકને ડહાપણના દાંતમાં દુખાવો થતાં તે કાઢી નાંખવા પડે છે. વાસ્તવમાં ડહાપણના દાંત અનીવાર્ય નથી. તેના વગર જીવન સ્વસ્થ રીતે ચાલે છે.

**પ્રશ્ન નંબર ૧૩ :** ઘણી પુરાણી પ્રાણી પ્રજાતીઓની શરીરરચના જટીલ હતી તે હકીકત ઉત્ક્રાંતી સીદ્ધાંતનું ઉચ્છેદન કેમ કરે છે ?

ચાહચાનો આ પ્રશ્ન સાવ અસ્થાને અસંબંધીત હોવાને વાસ્તવમાં તો સાદી રચનામાંથી ક્રમીક વીકાસ, ફેરફારો થવાને પરીણામે રચના જટીલ બનતી જાય એ તો ઉત્ક્રાંતીનો નીયમ જ છે. ચાહચાએ પ્રાણીવીજ્ઞાન અને શરીરરચના વીકાસને બરાબર અભ્યાસ કર્યો હોય તેવું લાગતું નથી.

**પ્રશ્ન નંબર ૧૪ :** ઉત્ક્રાંતી સીદ્ધાંતનો નકાર એ વીકાસ અને પ્રગતીનો નકાર કરવા જેવું છે એવું કેમ મનાય છે ? ચાહચાના એટલી સમજ કેમ નથી કે જેમ ઉત્ક્રાંતી થતી ગઈ તેમ શરીરચના વીકસતી ગઈ. મગજનો વીકાસ થતો ગયો. જાતજાતની શકતીઓ-બુદ્ધી વીકસતી ગઈ. જ્ઞાન, માહીતી વધતા ગયા તેમ પ્રગતી થતી ગઈ. હકીકતમાં ઉત્ક્રાંતી જ એ તમામ પ્રકારના જ્ઞાન, વીજ્ઞાનમાં ઉત્તરોત્તર વીકાસ, વૃદ્ધી પ્રગતીનું કારણ છે.

**પ્રશ્ન નંબર ૧૫ :** ઈશ્વરે જ જીવંત સૃષ્ટીનું સર્જન કર્યું હશે એવું માનવું ભુલભરેલુ શું છે ?

ઈશ્વરે સૃષ્ટીસર્જન ઉત્ક્રાંતી પ્રક્રીયા દ્વારા કર્યું છે એવું માનવું ખોટું છે કારણ ઈશ્વર હોવાનો, અને એ સર્જનહાર છે એવી કલ્પના ખ્યાલને કોઈ સમર્થન નથી જ.

**પ્રશ્ન નંબર ૧૬ :** ઉત્ક્રાંતી સીદ્ધાંતને ભવીષ્યમાં સમર્થન મળશે એમ માનવું કેમ ખોટું છે ? ચાહયાનો આ પ્રશ્ન જ અસ્થાને છે. ઉત્ક્રાંતી સીદ્ધાંતો આજે સાબીતી અને સમર્થન મળી ચુકયા છે.

**પ્રશ્ન નંબર ૧૭ :** પરીવર્તન (metamorphosisi mutation) એ ઉત્ક્રાંતીનો પુરાવો કેમ નથી ?

ચાહયાને પુછવું જરુરી છે કે તમારા મગજમાં આવો પ્રશ્ન ઉપજયો જ કેવી રીતે ? વાસ્તવમાં પરીવર્તનના ફેરફાર એ જ તો જીવ ઉત્ક્રાંતીનો ક્રમ છે. આધાર સીદ્ધાંત છે, વાસતવમાં પ્રાણી જે વાતાવરણમાં જીવે છે તેમાં અનુકુલન સાધીને જીવંત રહેવા તેની શરીરરચનામાં અનુકુળ ફેરફાર પરીવર્તન થતાં રહે છે. આ પરીવર્તનની ફેરફારનાં માત્રા-પ્રમાણ વધી જતાં તેમાંથી નવી પ્રજાતી ઉભરે છે. દા. ત. (સીલ્ક વર્મ) ને પાંખો છે પરંતુ બાહય આવરણથી ઢંકાયેલી છે. ઉર્ધ્વગામી પરીવર્તનની પ્રક્રીયામાં આ પાંખો બહાર આવી, અને આ કીડામાંથી પતંગીયાનો ઉદ્‌ભવ થયો. ચાહયાનો આ પ્રશ્ન તેમની માનસીક સંકીચીતતા અને છીછરાપણું બતાવે છે.

**પ્રશ્ન નંબર ૧૮ :** DNA એ ચાન્સ ઉત્પન્ન થયા છે એમ માનવું કેમ અસંભવ છે ? વાસ્તવમાં DNA એ આકસ્મીક (ચાન્સ) એવું માનવું તેમ જ સાબીત કરવું અશકય અસંભવ છે. DNA એ આકસ્મીક પેદા થતા જ નથી. DNA એ એવી રાસાયણીક રચના છે જે જોડકામાં ગોઠવાયેલી હોય છે. બાયોકેમીસ્ટ્રી વીજ્ઞાન આ વીષયવસ્તુનો અભ્યાસ કરે છે.

**પ્રશ્ન નંબર ૧૯ :** એન્ટીબાયોટીક ઔષધી બેકટેરીયા સામે વીરોધ કરે છે એવું ઉત્ક્રાંતીનો પુરાવો કેમ નથી ? એન્ટીબાયોટીક ઔષધો બેકટેરીયા ઉપર અસર કરતા નથી એ હકીકત ઉત્ક્રાંતીને નાસાબીત કરે છે એવે ચાહયાનો દાવો ઉત્ક્રાંતી વીષે તેમની પુરી, સાચી સમજણના અભાવમાંથી ઉદ્‌ભવ્યો છે. ઉલટું આ હકીકત ઉત્ક્રાંતીનું સમર્થન કરે છે.

**(વધુ ટા.–૪ ઉપર)**

**RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2019-2021 (with prepayment of postage)**

**(ચાલુ ટાઈટલ–૩ નું)**

**પ્રશ્ન નંબર ૨૦ :** ક્રીએશન - સર્જનવાદ અને વીજ્ઞાન વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે ? વાસ્તવમાં ક્રીએશન-ઈન્ટેલીજન્ટ-ડીઝાઈન જેવી માન્યતાઓને વીજ્ઞાન સાથે કંઈ લાગતું વળગતું નથી. ક્રીએશન તો રૂઢીગ્રસ્ત, બંધીયાર માન્યતાયુકત ધર્મોનો આધાર લેતી માન્યતા છે. ક્રીએશન તો ભૌતીક વાસ્તવીક નહી, પરંતુ દૈવી, ઈશ્વરી ઘટના તરીકે મનાય છે વળી ક્રીએશન સીદ્ધાંત આખરી આધારીત હકીકત, સત્ય તરીકે સ્વીકારાય છે. જયારે વીજ્ઞાનના સીદ્ધાંતો વાસ્તવીક પુરાવાએ ઉપર આધારીત છે. નવા પુરાવાઓ મળે તો પ્રવર્તમાન સીદ્ધાંતમાં ફેરફારો-સુધારાને અવકાશ છે. વીજ્ઞાનની ધારણાઓનું લક્ષણ એ છે કે તે ભવીષ્યમાં ખોટી પડવાની સંભાવના છે, અને વીજ્ઞાનની ધારણાના આધાર ઉપર આગળ આગાહીઓ, ગણતરીઓ કરી શકાય છે. આ મુજબ ઉત્ક્રાંતી સીદ્ધાંતને પુર્ણવીરામ નથી. ઉત્ક્રાંતીની પ્રક્રીયા સતત એકધારી ચાલતી જ રહે છે. સૃષ્ટી સર્જનવાદ સીદ્ધાંતમાં આવી કોઈ સંભાવના ગણતરી નથી.

વળી વધારામાં હારુન યાહયા એક ઠેકાણે કહે છે કે પુરાણા વીજ્ઞાનીઓ લીયોનાર્ડો દ વીન્સી, આઈઝેક ન્યુટન ઘણા ક્રીએશનમાં માનતા હતા. ઉત્ક્રાંતી સીદ્ધાંતમાં નહીં. યાહયા વીજ્ઞાનનો ઈતીહાસ ભણ્યા છે કે નહીં ? ઉત્ક્રાંતી સીદ્ધાંતનો ચાર્લ્સ ડાર્વીને ૧૮૬૯માં જાહેર કર્યો. આ વીજ્ઞાનીઓના કાળ પછી ઘણા વર્ષે. હારુન યાહયાના ૨૦ પ્રશ્નોનો પ્રતીકાર કરનાર લેખક જેકસ લખે છે કે યાહયાના આ પુસ્તકે તો મારા ભેજાની કઢી કરી નાંખી. તેમણે ઉઠાવેલ પ્રશ્નોનું સ્વરુપ પોતાના સમર્થનમાં ખ્રીસ્તી ધર્મ તેમ જ ખ્રીસ્તી વીદ્વાનો વીજ્ઞાનીઓના ટાંકેલા અભીપ્રાયો તેમની લખાણ કોરાન પ્રેરીત હોવાની કબુલાત, તેમ જ તેમા પ્રગટતું ધર્મઝનુન વગેરે બાબતોએ આ પુસ્તકનું મુલ્ય શુન્ય કરી નાંખ્યું છે.

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ફોન નં.–(૦૨૬૧) ૨૫૯૦૮૪૭ ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**